# કોસંબામાં ભરવાડ પરિવાર પર હુમલો

**સુરતથી** ભાવનગર જઈ રહેલા પરિવારની કારનો પીછો કર્યો

**બાદ** ૧૦થી ૧૨ જણા તલવાર અને લાકડી લઈ તૂટી પડ્યા



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ સુરતથી ભાવનગર મંદિરે દર્શન કરવા જઈ રહેલા અમરતભાઈ ખીમાભાઈ ભરવાડ અને તેમના પરિવાર પર એક્સપ્રેસ હાઈવે પર જીવલેણ હુમલો થયો હતો. ચાર ગાડીઓમાં પીછો કરી આવેલા હુમલાખોરોએ કોસંબા નજીક શિયાલજ ગામની સીમમાં ગાડી આંતરી તલવાર અને લાકડીઓ વડે હિંસક હુમલો કર્યો હતો. આ બનાવમાં બે જણાને ઈજા થઈ હતી. જેમને સૌપ્રથમ કીમ ચાર રસ્તાની પરમ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ વધુ સારવાર માટે સુરત ખસેડાયા હતા. ફરિયાદી વેલાભાઈ જીવણભાઈ ભરવાડના જણાવ્યા અનુસાર તેઓ તેમના કુટુંબી ભાઈ અમરતભાઈ સાથે ક્રેટા ગાડી નં.(GJ-19-BR-1616) લઈને ભાવનગરના બાવળીયાળી સ્થિત ઠાકર મંદિરે દર્શને જઈ રહ્યા હતા. શિયાલજ ખાતે રહેતા તેમના માસીના દીકરા ઝાલાભાઈને સાથે લેવા માટે જ્યારે તેઓએ ગાડી થોભાવી, ત્યારે કાળા રંગની ટાટા હેરિયર અને સફેદ સ્વિફ્ટ સહિત ત્રણ ગાડીઓમાં આવેલા ૧૦થી ૧૨ શખ્સોએ તેમને ઘેરી લીધા હતા. હુમલાખોરોએ ગાડીના કાચ તોડી અમરતભાઈને બહાર ખેંચ્યા હતા અને લાકડીના ફટકા તેમજ તલવારના ઘા ઝીંક્યા હતા. અમરતભાઈને હાથે અને પગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. હુમલાખોરોમાં સુરતના સીમાડા નાકા વિસ્તારના અવી સાજણભાઈ સાટીયા અને અર્જુનભાઈ ગગજીભાઈ સાટીયાને ઓળખી લેવાયા છે. જૂની અદાવત રાખીને આ હુમલો કરવામાં આવ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. હુમલા બાદ ગાળો આપી ધમકી આપી હતી કે અમારી સાથે માથાકૂટ કરશો તો જાનથી મારી નાંખીશું. એ બાદ આરોપીઓ ફરાર થઈ ગયા હતા. ઈજાગ્રસ્તોને પ્રાથમિક સારવાર માટે કીમની પરમ હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે સુરત ખસેડાયા છે. કોસંબા પોલીસે આ અંગે ગુનો દાખલ કરી ફરાર હુમલાખોરોની શોધખોળ અને કાયદેસરની તપાસ હાથ ધરી છે.

# કડોદના યુવાનનું અપહરણ કરી ત્રાસ અપાયો હતો, ચાર સામે ગુનો

**સોશિયલ** મીડિયા પર ફોટા મોકલવા મુદ્દે યુવાનનું કારમાં અપહરણ કર્યું હતું

**નહેરમાં** રહસ્યમય રીતે ગરકાવ થયા બાદ લાશ મળી હતી


હિતેશ પટેલ

માંડવીઃ માંડવી તાલુકામાં એક યુવાનને સોશિયલ મીડિયા મુદ્દે ટાર્ગેટ બનાવી અપહરણ કરી ગોંધી રાખી માનસિક યાતનાઓ આપી અંતે મોતના મુખમાં ધકેલી દેવામાં આવ્યો હોવાનો ચોંકાવનારો બનાવ બહાર આવ્યો છે. સમગ્ર ઘટનાએ જિલ્લામાં ભારે ચકચાર મચાવી છે.

બારડોલીના કડોદ ગામના 25 વર્ષીય જેનીલકુમાર અશ્વિનકુમાર લાડ 15 ફેબ્રુઆરીએ સાંજે અચાનક ગુમ થયા હતા. ત્યારબાદ તેની મોટરસાઇકલ કેવડિયાની સીમ પાસે નહેર નજીક શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી. ત્રણ દિવસની શોધખોળ બાદ 18 ફેબ્રુઆરીએ કારેલીની સીમમાંથી પસાર થતી કાકરાપાર જમણા કાંઠાની નહેરમાંથી તેમનો મૃતદેહ બહાર આવ્યો હતો.

ફરિયાદ અનુસાર કીર્તિરાજ ઈશ્વરસિંહ સાંગડોત (રહે.,રાજપૂતબોરી, માંડવી), જાનવી (રહે.,કણઝા, વ્યારા), તુષારકુમાર શૈલેષભાઈ ચૌધરી (રહે.,કણઝા, વ્યારા) તથા પ્રિયાંશીકુમારી (રહે.,અરેઠ, માંડવી)એ મળી જેનીલકુમારનું અપહરણ કર્યું હતું. આરોપ છે કે, સોશિયલ મીડિયા પર ફોટા મોકલવાના મુદ્દે રોષ રાખી આરોપીઓએ યુવકને કડોદ ખાતે ગાંધી ગ્રાઉન્ડ પરથી જબરદસ્તી કારમાં બેસાડી કણઝા લઈ જઈ ગોંધી રાખ્યો હતો. ત્યાં તેની પાસેથી માફી મંગાવડાવી વિડીયો ઉતારી તેને માનસિક રીતે તોડી પાડવાનો પ્રયાસ કર્યો હતો.

પરિવારના આક્ષેપ મુજબ, આરોપીઓએ ફરીથી માંડવીમાં નહેર પાસે બોલાવી ધમકીઓ આપી ત્રાસ આપ્યો હતો. ઘટનાના થોડા જ દિવસોમાં ઓલપાડથી યુવકનો મૃતદેહ નહેરમાંથી મળતાં મામલો ગંભીર બન્યો છે. મૃતકના ગળામાં પહેરેલી સોનાની ચેઇન પણ ગુમ હોવાનું જણાવાયું છે. પોલીસે આ મામલે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ બનાવને લઈને વિસ્તારમાં આક્રોશનો માહોલ છે અને આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઊઠી છે. પોલીસે આરોપી કીર્તિરાજસિંહને ઝડપી માંડવી કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડ મંજૂર થયા છે.

### તમે જમી લેજો, હું જમીને આવીશ, કહીને જેનીલ ગયો, પાછો ન ફર્યો

જેનીલ કામરેજની ગોપીન કન્સ્ટ્રક્શન કંપનીમાં કામ કરતો હતો. જેણે પરિવારને કહ્યું હતું કે, નોકરીએ પરત જવું પડશે. કહી તે બાઇક નં.(જીજે 19એક્યુ 3100) લઈ નીકળ્યો હતો. બાદ તમે જમી લેજો, હું જમીને આવીશ કહ્યું હતું. પરંતુ જેનીલ પરત ફર્યો જ ન હતો. મૃતક જેનીલકુમારે અરેઠ ગામની પ્રિયાંશી નામની યુવતીના મોબાઈલમાંથી જાનવી અને તેના મિત્ર કીર્તિરાજના કેટલાક ફોટા પાડ્યા હતા. આ ફોટા જેનીલે જાનવીના પતિ તુષારને ઇન્સ્ટાગ્રામ પર મોકલી આપ્યા હતા. આ બાબતની જાણ થતાં કીર્તિરાજ, જાનવી, તુષાર અને પ્રિયાંશીએ મળી જેનીલને ટાર્ગેટ બનાવ્યો હતો. બાદ થાર ગાડીમાં બેસાડી અપહરણ કરાયું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### ધનગૌરી સાર્વજનિક વિદ્યાલયમાં કાર્યક્રમ


સલીમ દિવાન

ભોરિયાઃ શ્રી વલવાડા વિભાગ સાર્વજનિક કેળવણી મંડળ વલવાડા સંચાલિત ધનગૌરી સાર્વજનિક વિદ્યાલયમાં ખજાનચી બિપિનચંદ્ર આઈ. ભટ્ટનો સન્માન સમારંભ તથા બોર્ડના વિદ્યાર્થીઓનો વિદાય શુભેચ્છા સમારંભ કેળવણી મંડળના પ્રમુખ સતીષભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે ખજાનચી અને સભ્ય તરીકે સેવા આપનાર બીપીનચંદ્ર આઈ. ભટ્ટનું પુષ્પગુચ્છ, શાલ, કર્મનિષ્ઠ પ્રશસ્તિપત્ર અને સ્મૃતિભેટ આપી વિશેષ સન્માન કરાયું હતું. આ પ્રસંગે શાળાના આચાર્ય નિલેશભાઈ પ્રજાપતિ, મંત્રી ઈચ્છુભાઈ પટેલ, અશોકભાઈ ચૌધરી, ચંદ્રિકાબેન તુલી તથા શાળાના મ.શિ. ધર્મેશભાઈ મહેતા, મંડળના હોદ્દેદારો, કારોબારી સભ્યો, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### સાબરગામ કોલેજમાં વાર્ષિક મહોત્સવ યોજાયો


દિપકસિંહ મહીડા

અંત્રોલીઃ શ્રી દક્ષિણ ગુજરાત શિક્ષણ સમાજ, કુંભારીયા સંચાલિત અંબાબા કોમર્સ, મણીબા (BBA) અને દેવીબા (BCA) કોલેજમાં વાર્ષિક મહોત્સવ તથા પારિતોષિક વિતરણ સમારોહ યોજાયો હતો. આચાર્ય ડો. ફાલ્ગુનીબેન ઠક્કરના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં શૈક્ષણિક, રમતગમત અને સાંસ્કૃતિક ક્ષેત્રે ઝળકેલા તેજસ્વી વિદ્યાર્થીઓને પારિતોષિક આપી સન્માનિત કરાયા હતા. વિદ્યાર્થીઓએ વિવિધ મનોરંજક સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી હતી. આ પ્રસંગે સહમંત્રી ગીરીશભાઈ દેસાઈ, સભ્ય અજયભાઈ દેવધરા, વિક્રમસિંહ મેઘાત, ભગુભાઈ પટેલ, ડો.અર્ચનાબેન પટેલ, પ્રા.શૈલેષ પાંધી સહિત અગ્રણી ટ્રસ્ટીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### પલસોદ પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને યુનિફોર્મ વિતરણ



બારડોલી : સુરત જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ સંચાલિત બારડોલીની પલસોદ પ્રાથમિક શાળામાં દાતા રંજનબેન રાજેશભાઈ ભૂલા તથા તેમની દીકરી રૂહાની અને કવિના (હાલ અમેરિકા) તરફથી શાળાનાં તમામ બાળકોને એક જોડી યુનિફોર્મ અને વિદેશની ચોકલેટ અપવામાં આવી હતી. શાળાના આચાર્ય દીપકભાઈ રાંદેરી તથા શાળા પરિવાર તરફથી દાતાઓનો આભાર વ્યક્ત કરાયો હતો.

### પલસાણાના કડોદરામાં બીજા માળેથી નીચે પડતાં શ્રમિકનું મોત

પલસાણાઃ મૂળ ઉત્તર પ્રદેશના પ્રતાપગઢના અને હાલ વરેલી ખાતે રહેતા રમેશભાઈ કાલુભાઈ વર્મા (ઉં.વ.૩૫) વિધાતા ઇન્ડસ્ટ્રિયલમાં ખાનગી નોકરી કરતા હતા. ગત તા.૧૮/૨/૨૦૨૬ના રોજ રાત્રિના આશરે ૧૨:૩૦ વાગ્યે તેઓ કંપનીના બીજા માળની ગેલેરીની પાળી પર બેઠા હતા. દરમિયાન અચાનક તેમનું સંતુલન ખોરવાયું હતું અને તેઓ સીધા નીચે રોડ પર પટકાતાં મોત નીપજ્યું હતું.

### તરસાડીમાં ટ્યુશનને ગયેલા કિશોરનું બાઇક સ્લિપ થતાં મોત

હથોડાઃ તરસાડીના પટેલ પાર્ક સોસાયટી ખાતે રહેતો 16 વર્ષનો સગીર ઘરેથી મોટરસાઇકલ લઈ ટ્યુશન ગયો હતો અને ત્યાંથી પેટ્રોલ ભરાવવા જાઉં છું તેવું કહીને ગયા બાદ કોસંબા ફંડવાઈ માર્ગ પર મોટરસાઇકલ સ્લિપ થતાં ગંભીર ઇજા પામેલા સગીરનું મોત થયું હતું. આ ઘટના બાબતે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.
તરસાડીના પટેલ પાર્ક સોસાયટી ખાતે રહેતો 16 વર્ષનો હર્ષકુમાર લલિતભાઈ જાદવ (જીજે 05 બીજે 9701) નંબરની મોટરસાઇકલ લઈ નજીકમાં ટ્યુશન ગયો હતો અને ત્યાંથી મોટરસાઇકલમાં પેટ્રોલ ભરાવવાનું કહી નીકળ્યો હતો અને તે કોસંબાથી પંડવાઇ જતા રોડ પરથી પસાર થતો હતો ત્યાં પૂરઝડપે બાઇક ચલાવતા તેણે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતાં બાઇક સ્લિપ થઈ ગઈ હતી અને હર્ષકુમાર રોડ પર ફંગોળાતાં તેને ગંભીર ઇજા થતાં તેનું ઘટના સ્થળે મોત થયું હતું. આ બનાવમાં હર્ષ કુમાર માત્ર 16 વર્ષનો હોવા છતાં અને તેની પાસે લાઇસન્સ ન હતું. જે તેના પિતા લલિતભાઈ રતિલાલ જાદવ જાણતા હોવા છતાં તેને મોટરસાઇકલ આપતાં ગંભીર બેદરકારી દાખવ્યાનું સામે આવતાં મરનાર હર્ષકુમારના પિતા સામે પણ ગુનો નોંધાયો હતો.

### તરસાડીમાં હિટ એન્ડ રનમાં એક ઘાયલ

હથોડાઃ તરસાડીના રાઠોડવાસ વિસ્તારમાં રહેતા હરનીશ સક્કરભાઈ રાઠોડ ગત તા.12 ફેબ્રુઆરીએ સાંજે આશરે 6:00 વાગ્યે બજારમાંથી કામ પતાવીને પોતાના ઘરે પરત ફરી રહ્યો હતો. દરમિયાન તરસાડી સ્વામિનારાયણ મંદિરના તળાવ પાસે એક અજાણ્યા મોટરસાઇકલ ચાલકે પોતાની બાઈક પૂરપાટ ઝડપે અને ગફલતભરી રીતે ચલાવી હરનીશભાઈને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં હરનીશભાઈને જમણા પગના પંજામાં ફ્રેક્ચર થયું છે અને શરીરના અન્ય ભાગોમાં પણ નાની-મોટી ઈજા પહોંચી હતી.

# વ્યારા નગરપાલિકાનું રૂ.1.95 કરોડનું વીજબિલ ભરવાનું બાકી!

**DGVCL**એ પાલિકાને વીજ બિલ ભરવા નોટિસ આપી

વ્યારા : તાપીમાં વ્યારા નગર પાલિકાએ 1.95 કરોડનું વીજબિલ ન ભરતાં DGVCLએ પાલિકાને નોટિસ ફટકારી છે. વ્યારાના નગરજનો સહિત દુકાનદારો અને વેપારીઓ પાસે નિયમિત વેરો ઉઘરાવતી વ્યારા પાલિકા 1.95 કરોડનું વીજ બિલ ભરવા ઉણી ઊતરી છે. ત્યારે પાલિકાના વહીવટને લઈ અનેક સવાલો ઊઠ્યા છે. મળતી માહિતી મુજબ વ્યારા નગર પાલિકા DGVCL કચેરીમાંથી વ્યારા નગર પાલિકા ત્રણ મહત્ત્વના વિભાગોમાં કુલ 109 જેટલાં વીજ જોડાણ ધરાવે છે. જેનું 1,84,30,811.58 રૂપિયાનું વીજબિલ છેલ્લા ઘણા સમયથી બાકી હોવા છતાં પાલિકા દ્વારા સમયસર બિલ ભરવામાં આવ્યું નથી. DGVCL કચેરી દ્વારા વારંવાર જાણ કરવા છતાં પાલિકા બિલ ભરી ન શકતાં DGVCLએ ગત તા.18-2-2026ના રોજ પાલિકાને કુલ રૂ.1,95,93,924.67નું બાકી વીજબિલ ભરવા નોટિસ ફટકારી હતી. જેને પગલે વ્યારા પાલિકા વહીવટી તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. પાલિકા દ્વારા વીજ બિલ ભરવામાં કેમ બેદરકારી દાખવવામાં આવી તેને લઈને નગરમાં ચર્ચાનો વિષય બન્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વ્યારા નગરપાલિકા દ્વારા વીજબિલ ન ભરાય તો DGVCL દ્વારા આગામી દિવસોમાં વ્યારા પાલિકા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ સહિતનાં વીજ જોડાણ કાપી નાંખવામાં આવે તેવી શક્યતા રહેલી છે.

# વાવમાં પોલીસ ભરતી માટે દોડતાં પોલીસ પુત્રનું મોત



પટેલ

કામરેજઃ મૂળ છોટા ઉદેપુરના સખેડાના વતની હાલ વલસાડના મોગરવાડીમાં દેવદર્શન સોસાયટીમાં મકાન નં.49માં રહેતા અને વલસાડ રેલવે પોલીસમાં હેડ કોન્સ્ટેબલ તરીકે નોકરી કરતાં પ્રવીણભાઈ મગનભાઈ બારિયાનો નાનો પુત્ર રવિન્દ્ર (ઉં.વ.27) હાલમાં ચાલી રહેલી પોલીસ કોન્સ્ટેબલની શારીરીક કસોટી માટે ગુરુવારે કારમાં ડ્રાઈવર તેમજ મિત્રો સાથે કામરેજના વાવ ગામે આવેલા એસઆરપીએફ ગ્રુપ 11માં આવ્યો હતો. રાત્રે હોટલમાં રોકાણ કરી શુક્રવારે ગ્રાઉન્ડ પર સવારે 6 કલાકે પહેલા રાઉન્ડમાં ગ્રાઉન્ડના 13 રાઉન્ડ લગાવી રહ્યો હતો. ત્યારે 13મા રાઉન્ડમાં અચાનક પગમાં દુખાવો તેમજ ચક્કર આવવા લાગતાં 108માં સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં પ્રાથમિક સારવાર આપ્યા બાદ રજા આપી દેતાં ખાનગી કારમાં કામરેજ ખાતે હોટલ પર આવી રહ્યા હતા. ત્યારે ફરી પગમાં અને છાતીમાં દુખાવો થતાં ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં ફરજ પરના તબીબે 10.15 કલાકે મૃત જાહેર કર્યો હતો. આ અંગે કામરેજ પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મરનાર રવિન્દ્રના બે તબીબોની પેનલમાં પીએમ કરવામાં આવ્યું હતું.

### નાહિયેર ગામમાં અકસ્માતમાં વૃદ્ધનું મોત

આમોદઃ આમોદના નાહિયેર ગામ પાસે પેટ્રોલ પંપ નજીક રિક્ષાએ બાઈકને અડફેટે લેતાં ૭૦ વર્ષીય વૃદ્ધ જયંતીભાઈ વસાવાનું મોત નીપજ્યું છે. નવાવાડિયાથી ભરૂચ હાર્મોનિયમ લેવા જઈ રહેલા પૌત્ર કિરણ વસાવા અને તેમના દાદાને રિક્ષા ચાલકે ટક્કર મારી હતી. સારવાર માટે ભરૂચ લઈ જતા વૃદ્ધનું રસ્તામાં જ મોત થયું હતું, જ્યારે રિક્ષામાં સવાર અન્ય ચાર વ્યક્તિ ઘાયલ થઈ છે.



# બારડોલીના રૂવા ગામે કુરિયર બોયના સ્વાંગમાં લૂંટનો પ્રયાસ

**૫૫** વર્ષીય આધેડની બહાદુરી સામે લુંટારુ નિષ્ફળ

બારડોલીઃ બારડોલીના રૂવા ગામે ધોળે દિવસે કુરિયર બોય બનીને આવેલા એક શખ્સે ૫૫ વર્ષીય આધેડના ઘરમાં ઘૂસી ચપ્પુની અણીએ લૂંટ ચલાવવાનો પ્રયાસ કર્યો હતો. મકાન માલિકની સમયસૂચકતા અને હિંમતભર્યા પ્રતિકારને કારણે લુંટારુને ખાલી હાથે ભાગવું પડ્યું હતું.

રૂવા ગામના પટેલ ફળિયામાં રહેતા ૫૫ વર્ષીય સુરેશભાઈ ઠાકોરભાઈ પટેલ બપોરે પોતાના ઘરે હાજર હતા. દરમિયાન એક અજાણ્યો શખ્સ નંબર વગરની મોપેડ પર કુરિયર આપવાના બહાને આવ્યો હતો. સુરેશભાઈએ કોઈ વસ્તુ મંગાવી ન હોવાનું કહી પાર્સલ લેવાનો ઈનકાર કર્યો હતો.

જો કે, ગઠિયો મોકો જોઈને ઘરના ઓટલા પરથી સીધો અંદર ઘૂસી ગયો હતો. જ્યારે સુરેશભાઈએ તેને બહાર નીકળવા કહ્યું, ત્યારે લુંટારુએ ચપ્પુ કાઢી પૈસાની માંગણી કરી ધમકાવવાનું શરૂ કર્યું હતું.

લુંટારુના ડર સામે ઝૂકવાને બદલે સુરેશભાઈએ બહાદુરી બતાવી તેને જોરદાર ધક્કો મારી ઘરની બહાર કાઢ્યો હતો અને બૂમાબૂમ કરી મૂકી હતી.

આસપાસના લોકો એકઠા થાય તે પહેલાં લુંટારુ મોપેડ પર ભાગવા લાગ્યો હતો. સુરેશભાઈએ પાછળ દોડીને મોપેડ પકડવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં તેઓ જમીન પર પટકાયા હતા અને લુંટારુ નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

લુંટારુ સવારે ૧૧ વાગ્યાથી ગામમાં રેકી કરી રહ્યો હતો. તેણે અગાઉ ભરમપુર જવાનો રસ્તો પૂછી ફળિયાની તપાસ કરી હતી અને બપોરે ૨:૩૦ વાગ્યે જ્યારે ગામમાં શાંતિ હોય ત્યારે સુરેશભાઈના ઘરને નિશાન બનાવ્યું હતું.

આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. હાલ બારડોલી રૂરલ પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે લુંટારુને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે.



### સોનગઢમાં રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરાયું

સોનગઢઃ AI સમિટ સંદર્ભે રાહુલ ગાંધી દ્વારા આપવામાં આવેલાં નિવેદનોના વિરોધમાં મોડી સાંજે સોનગઢ ખાતે ભાજપ યુવા મોરચા દ્વારા ઉગ્ર પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કાર્યકર્તાઓએ રાહુલ ગાંધીનાં નિવેદનોને ભ્રામક અને દેશના વિકાસને નુકસાન પહોંચાડનારા ગણાવી તેમના પૂતળાનું દહન કર્યું હતું. સમિટને PR સ્ટન્ટ ગણાવવો એ દેશના વૈજ્ઞાનિકો અને યુવા ઉદ્યોગ સાહસિકોનું અપમાન છે. ટેક્નોલોજી જેવા ગંભીર વિષયો પર તથ્યો વગરની રાજનીતિ દેશની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડે છે. વિરોધ પક્ષે અફવા ફેલાવવાને બદલે રચનાત્મક સંવાદ કરવો જોઈએ. આ વિરોધ પ્રદર્શનમાં જિલ્લા ભાજપના પ્રમુખ, મહામંત્રીઓ અને યુવા મોરચાના હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# વાલિયામાં પોલીસ અને DGVCLની મેગા ડ્રાઈવ: 4 વીજચોર ઝડપાયા

**બુટલેગરો** અને ગુનેગારો સામે પોલીસની કડક કાર્યવાહી

**વીજ** જોડાણો કાપી અંદાજે રૂ.2 લાખનો દંડ વસૂલવામાં આવ્યો



ભરૂચઃ વાલિયા પોલીસ ટીમ અને તેમની ટીમે DGVCLના અધિકારીઓને સાથે રાખીને આ તત્ત્વોના ઘરે વીજ કનેક્શનની આકસ્મિક તપાસ કરી હતી. વાલિયા પોલીસ અને DGVCL ની ટીમે આ સંયુક્ત ઓપરેશન પાર પાડ્યું હતું. આ સઘન તપાસ દરમિયાન કુલ 4 જેટલા નામચીન અસામાજિક તત્ત્વોના ઘરે દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાં રામપરા ગામના ધર્મેશભાઈ ઉર્ફે ધમો દિનેશભાઈ વસાવાના ઘરે ચેકિંગ કરતાં જૂના ઘરમાં કોઈ વીજ મીટર ન હતું અને સીધા વીજવાયર પર લંગરિયા નાંખી વીજળી ચોરાતી હોવાનું સામે આવ્યું હતું. ત્યાં ઓવરલોડ વધુ જણાતાં DGVCLના નિયમો અનુસાર રૂ.25000નો દંડ ફટકારી સ્થળ પરથી સર્વિસ વાયર જમા લેવાયો હતો. તેવી જ રીતે પીઠોર ગામના નરેશભાઈ ઠાકોરભાઈ વસાવાના ઘરે પણ મીટર ન હોવા છતાં લંગરિયા દ્વારા વીજ ચોરી પકડાતાં રૂ.25000નો દંડ વસૂલી વાયર કાપી લેવામાં આવ્યો હતો. વિઠ્ઠલ ગામના રાહુલભાઈ વસાવાને ત્યાં મીટર હોવા છતાં લંગરિયાથી વીજ ચોરી થતી હતી, જેમાં ઓવરલોડ વધુ જણાતાં અધધ રૂ.1,50,000નો દંડ ફટકારાયો છે અને સ્થળ પરથી સર્વિસ વાયર કાપી જમા લેવાયો છે.

ઉપરાંત પણસોલીના અરુણભાઈ વિનુભાઈ વસાવાના ઘરે પણ કોઈ મીટર વગર વીજળી ચોરાતી હોવાથી સર્વિસ વાયર કાપીને કડક કાર્યવાહી કરવામાં આવી હતી. વાલિયા પોલીસ અને વીજ કંપનીની આ કામગીરીના અંતે આશરે રૂ.200000નો માતબર દંડ વસૂલવાની પ્રક્રિયા હાથ ધરાઈ છે. ઝડપાયેલા આ તમામ 4 શખ્સ સામે અગાઉ પણ વાલિયા, અંકલેશ્વર, નેત્રંગ અને માંગરોળ જેવાં પોલીસ મથકોમાં દારૂ, ચોરી, મારામારી, અપહરણ અને લૂંટ જેવા ગંભીર ગુના નોંધાયેલા છે.

### ઇન્ડિયા સ્કીલ કોમ્પીટીશન ૨૦૨૫-૨૬ વેસ્ટ ઝોનમાં ગુજરાતનો ડંકો

## 'ગ્રાફિક્સ અને મીડિયા' સેક્ટરમાં રેડ એન્ડ વ્હાઇટના વિદ્યાર્થીઓને કુલ 75,000 સન્માન, નેશનલ લેવલ માટે ક્વોલિફાય




સુરતઃ ભારત સરકારના કૌશલ્ય વિકાસ મંત્રાલય દ્વારા આયોજિત પ્રતિષ્ઠિત ઇન્ડિયા સ્કીલ કોમ્પીટીશન ૨૦૨૫-૨૬ ના વેસ્ટ ઝોન રાઉન્ડમાં ગુજરાતના વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરીને રાજ્યનું ગૌરવ વધાર્યું છે. પશ્ચિમ ભારતના ગુજરાત, મહારાષ્ટ્ર, ગોવા, મધ્ય પ્રદેશ અને રાજસ્થાન વચ્ચે યોજાયેલી આ સ્પર્ધામાં 'ગ્રાફિક્સ અને મીડિયા' સેક્ટરમાં રેડ એન્ડ વ્હાઇટ સ્કિલ એજ્યુકેશનના વિદ્યાર્થીઓએ મેડલ મેળવી આગવી છાપ છોડી છે. રાજ્ય કક્ષાની સ્પર્ધામાં રેડ એન્ડ વ્હાઇટના કુલ છ વિદ્યાર્થીઓએ વેબ ટેક્નોલોજી, ડિજીટલ ઇન્ટ્રેક્ટીવ મિડીયા અને ગ્રાફીક ડિઝાઈન ટેક્નોલોજી જેવા સ્કિલ ક્ષેત્રોમાં નામ રોશન કર્યું હતું. પ્રથમ ક્રમે જયદીપ ડેર, દિયા સંતોકી અને આયુષ ધોળકિયા રહ્યા હતા, જ્યારે દ્વિતીય ક્રમે અમિત ડાભી, વિદિશા ભાગીયા અને રાધી મેહતા સ્થાન મેળવ્યું હતું. ગ્રાફીક ડિઝાઈન ટેક્નોલોજી વિષયમાં વિદ્યાર્થી આયુષ ધોળકિયા એ સિલ્વર મેડલ પ્રાપ્ત કરીને રૂપિયા 50,000ની સન્માન રકમ મેળવી. ડિજીટલ ઇન્ટ્રેક્ટીવ મિડીયા કેટેગરીમાં વિદ્યાર્થિની વિદિશા ભાગીયા એ બ્રોન્ઝ મેડલ મેળવી રૂપિયા 25,000ની સન્માન રકમ પ્રાપ્ત કરી. બંને વિદ્યાર્થીઓને મળીને કુલ રૂપિયા 75,000નું સન્માન એનાયત કરવામાં આવ્યું છે. આ સિદ્ધિ સાથે આયુષ ધોળકિયા નોઈડા ખાતે યોજાનારી નેશનલ લેવલ સ્પર્ધા માટે ક્વોલિફાય થયા છે. નેશનલ લેવલમાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત થાય તો તેમને ચીનના શાંઘાઈ શહેરમાં યોજાનારી વર્લ્ડ સ્કીલ કોમ્પીટીશન ટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરવાની તક મળશે. રેડ એન્ડ વ્હાઇટ સ્કિલ એજ્યુકેશનના ફાઉન્ડર હિતેશકુમાર દેસાઈ અને હસમુખભાઈ રફાળિયા એ જણાવ્યું હતું કે આ પરિણામ ઇન્ડસ્ટ્રી આધારિત પ્રેક્ટિકલ તાલીમની સફળતા દર્શાવે છે. વિદ્યાર્થીઓને વૈશ્વિક મંચ માટે તૈયાર કરવાનો સંસ્થાનો સંકલ્પ આ સિદ્ધિથી વધુ મજબૂત બન્યો છે.